# શહેરમાં રામનવમીની ભાવપૂર્ણ ઉજવણી કરાઈ

## બપોરે ૧૨ના ટકોરે રામ જન્મોત્સવ ઉજવાયો : આરતી અને રામધૂન સાથે ભક્તોએ ભગવાનના ઓવારણા લીધા : ઠેર ઠેર હવન, સુંદરકાંડના પાઠ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં આજે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામની જન્મ જયંતિ ભક્તિભાવપૂર્વક ઉજવાઈ હતી. શહેરના અનેક મંદિરોમાં બપોરે ૧૨ના ટકોરે ભગવાન રામનો જન્મોત્સવ ઉજવાયો હતો અને આરતી ઉતારી શ્રદ્ધાળુઓએ શ્રી રામલલ્લાના ઓવારણા લીધા હતા. રામ નવમીના પાવન પ્રસંગે શહેરમાં અનેક ઠેકાણે હોમ-હવન તથા સુંદરકાંડના પાઠ વગેરેના આયોજન કરાયાં હતા તે ઉપરાંત શહેરના સેક્ટર-૨૯ ખાતેના જલારામ મંદિરે રક્તદાન શિબિર યોજવામાં આવી હતી.

શહેરના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરે બપોરના બરાબર બારના ટકોરે રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી અને મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિક ભક્તોએ ભગવાન શ્રી રામના જયઘોષ સાથે પ્રભુના અવતરણને વધાવ્યું હતું. આ સાથે ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી. શહેરના સેક્ટર-૨૩માં સ્વામિનારાયણ મંદિર ખાતે પણ રામ નવમીની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સવારે પ્રભાતફેરીથી માંડીને બપોરે પ્રભુનામ સ્મરણ સુધીના કાર્યક્રમો યોજાયા હતા. શહેરમાં સ્થિત રામજી મંદિરો, રાધાકૃષ્ણ મંદિરો અને શિવાલયો ઉપરાંત અન્ય મંદિરોમાં પણ ભગવાન રામના જન્મોત્સવ નિમિત્તે બપોરે ૧૨ વાગે આરતી ઉપરાંત હોમ-હવન, રામધૂન અને સુંદરકાંડના પાઠ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યાં હતા. વાવોલના રામધામ ખાતે પણ રામ જન્મોત્સવની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધો હતો. શહેરના મહિલા ભજન મંડળો, આનંદના ગરબાના મંડળો તથા કેટલાક સામાજિક સંગઠનો દ્વારા પણ રામ નવમી નિમિત્તે રામધૂન, સુંદરકાંડના પાઠ તથા હવનના આયોજન કરાયા હતા. શહેરમાં એસટી ડેપો ખાતે પણ કર્મચારીઓ દ્વારા દર વર્ષની જેમ હવનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. શહેરના શ્રદ્ધાળુઓએ રામનવમીના પર્વ નિમિત્તે ઉપવાસ અને ફળાહાર જેવી આરાધના પણ કરી હતી.







શહેરના સેક્ટર-૨૩માં હિન્દુઓના આરાધ્ય દેવ ભગવાન શ્રીરામ ઉપરાંત ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્ય દિનની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સે. ૨૩ સ્વામિનારાયણ મંદિર દ્વારા રામનવમી-હરિનવમીના આ પાવન પર્વે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વહેલી પરોઢે સંતો, બાળકો, શ્રદ્ધાળુ ભાઈઓ તથા બહેનો સહિત અંદાજે ૪૫૦ જેટલા સંતો-હરિભક્તો જોડાયા હતા. સમાજમાં પરસ્પર સંપ, સદ્ભાવ અને સમાજસેવાના સદગુણઓની અભિવૃદ્ધિ થાય તેવી મંગળકામના સાથે મંગળ પ્રભાતે યોજાયેલી પ્રભાતફેરીમાં ભાવિકોએ શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજીના માર્ગદર્શનમાં પ્રભુનામ સ્મરણ કર્યુ હતુ.

# આકરી ગરમીમાં ૨૮ બોટલ રકતદાન સાથે બાબાસાહેબનો ભાવાંજલિ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં આજે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મજયંતિ નિમિત્તે દલિત અધિકાર મંચ દ્વારા ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટીના સહયોગથી વિધાનસભા સંકુલ સામે ડૉ. આંબેડકરની પ્રતિમા પાસે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પમાં આકરી ગરમીના માહોલમાં પણ ઉત્સાહપૂર્વક રકતદાતાઓએ રકતદાન કરતા કુલ ૨૮ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું હતું. આ સાથે બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર દેશના બંધારણના ઘડવૈયા હતા જેમની આજે ૧૨૮મી જન્મજયંતિ દેશભરમાં ધામધૂમથી ઉજવાઈ હતી. આ પ્રસંગે પાટનગરમાં દલિત અધિકાર મંચ દ્વારા આયોજિત રકતદાન શિબિરમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા અંતર્ગત કલોલની ટીમે રકત એકત્ર કરવાની સેવા આપી હતી અને વાતાનુકુલિત રકતવાહિનીમાં રકતદાતાઓએ રકતદાન કર્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના ટ્રસ્ટી તથા અગ્રણી એમ.એમ. સોલંકી અને તેમના બે દિકરા મળીને ત્રણેયે એક સાથે રકતદાન કર્યું હતું. આ પ્રસંગે બાબાસાહેબને ભાવાંજલિ આપવા દલિત અધિકાર મંચના સંદિપ જયોતિકર, કલોલ રેડક્રોસના અગ્રણીઓ અશ્વિનભાઈ દવે, જી.કે. ત્રિવેદી, જે.એન. પરીખ, કૌશિકભાઈ ભટ્ટ અને જીલુભા ધાંધલે સેવાઓ આપી હતી. આકરી ગરમીમાં ઉપસ્થિત સૌને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.



# લાકરોડા વિસ્તારમાં દિપડો દેખાયો

## વનરક્ષકે માત્ર ૧૩ ફુટના અંતરે દિપડો જોયો : વનરક્ષક પેટ્રોલીંગમાં હતા ત્યારે અચાનક કોતરના નાળામાં બેઠેલો દિપડો નદી વિસ્તારમાં પલાયન : વનતંત્રએ સર્ચિંગ કરી પાંજરું મુક્યુ

ગાંધીનગર નજીક માણસાના લાકરોડા ગામની કોતરમાં આજે સવારે દિપડાએ દેખા દેતા વનતંત્ર દ્વારા આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવા માટે ટીમ કામે લગાવી દેવામા આવી હતી. નદીના કિનારે સ્થળ પરથી પલાયન થઈ ગયેલા દિપડાને કેદ કરવા માટે પણ સ્થળ પર પાંજરુ મુકી દેવાયુ છે.

ગાંધીનગરમાં છેલ્લા ૬ મહીનાથી દિપડાની અવરજવર વધી ગઈ છે. ગત ધનતેરસના દિવસે નવા સચિવાલય સંકુલમાં ઘુસી ગયેલા દિપડાએ તંત્રને દોડતુ કરી દીધુ હતુ. જયારે સફાળા જાગેલા વનતંત્રએ દિપડાને કેદ કરવા નાકે દમ આવી ગયો હતો. શહેરના ચ માર્ગ પર દિપડાએ લટાર મારી લીધા બાદ શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ સતત દિપડાની અવરજવર થતી હોવાના કિસ્સા પ્રકાશમાં આવી રહ્યા છે. અગાઉ અલુવા હિલ્સના જંગલ વિસ્તાર તેમજ પીંપળજમાં પણ દિપડો જોવા મળ્યો હોવાનુ સ્થાનિકોએ જણાંવ્યા બાદ વનતંત્રએ દિપડાને કેદ કરવા માટે મથામણ હાથ ધરી હતી પરંતુ દિપડો હાથ લાગ્યો ન હતો. જયારે આજે માણસા તાલુકાના લાકરોડા ગામમાં દિપડો દેખાયો હતો. આજે સવારે લાકરોડા ગામના કોતર વિસ્તારમાં સવારે ૬ કલાકે મહુડી બીટના વનરક્ષક પલ્કેશ ચૌધરી પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન જંગલ વિસ્તારના કોતરના નાળામાં એક દિપડો બેઠેલો જોવા મળ્યો હતો. આંખ મળતાની સાથે જ દિપડો સ્થળ પરથી પાછળના નદી વિસ્તારમાં નાસી ગયો હતો. બીટગાર્ડે માત્ર ૧૩ ફુટના અંતરે દિપડાને જોયા બાદ સંબંધિત અધિકારીઓને પણ જાણ કરી હતી. જયારે તુરંત જ આ વિસ્તારમાં વિભાગના અધિકારીઓએ સર્ચિંગ હાથ ધરીને પાંજરુ પણ મુકી દીધુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાંરવાર દિપડાએ દેખા દીધી હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. પરંતુ છેલ્લા ૬ મહીનાથી દિપડો વનતંત્રના હાથમાં આવ્યો નથી.

# મોડી સાંજે શહેરનું વાતાવરણ પલ્ટાયુ

ગાંધીનગર, તા. ૧૪

આગાહી મુજબ જ માવઠાની શક્યતા વચ્ચે ગાંધીનગરમાં મોડી સાંજે વાદળો છવાયા હતા અને વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. આગામી એકાદ-બે દિવસમાં માવઠાની શક્યતા સાથે તાપમાનમાં ગીરાવટની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં આકરી ગરમી પડી રહી છે. આકાશમાંથી અગનગોળા વરસી રહ્યાં છે. મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રીની વચ્ચે રહ્યું છે. આકરી ગરમીની અસર જનજીવન પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. માર્ગો એકદમ સુમસામ બની ગયા છે. આકરી ગરમી વચ્ચે વાતાવરણમાં ફેરફારની આગાવી વ્યક્ત કરવામાં આવી હતી. આગાહી મુજબ રાજ્યના કેટલાક સ્થળોએ માવઠુ પણ પડ્યુ હતુ. ગાંધીનગરમાં રવિવારે આખો દિવસ આકરી ગરમી પડી હતી. મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી નોંધાયુ હતુ. જોકે મોડી સાંજે અચાનક જ આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. વાદળોમાં સુરજ છુપાઈ જતાં તડકાથી થોડીક રાહત મળી હતી. જોકે બફારો યથાવત રહ્યો હતો. હવામાન વિભાગે હજુ બે દિવસ માવઠાની આગાહી કરી છે. ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં માવઠુ પડી શકે છે. આ સાથે જ તાપમાનમાં પણ બે થી ત્રણ ડિગ્રીની ગીરાવટ આવવાની શક્યતા છે. ૧૫થી ૧૮ સુધી રાજ્યના કેટલાક ભાગોમાં માવઠાની શક્યતા રહેશે. ત્યારબાદ ૧૯મી એપ્રિલથી પુનઃ ગરમીનુ આકરૂ મોજુ ફરી વળશે.



રામનવમી નિમિત્તે સે-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે ઉજવણી કરવામાં આવી હતી તથા સહયોગ મંડળ ગાંધીનગરના તથા સીવીલ હોસ્પિટલના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં સમાજના સભ્યો તથા દર્શનાર્થીઓ દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું. કેમ્પના અંતે ૪૪ જેટલી બ્લડ બોટલો એકત્રિત કરવામાં આવી હતી.



ચિલોડા સર્કલે રામનવમી યાત્રાનું ગાંધીનગરથી વાયા ચિલોડા થઈ પસાર થતાં ચિલોડા ગામના આગેવાનો દ્વારા ઉષ્માભર્યું રથયાત્રાનું સ્વાગત કરાયું હતું. સ્વાગત વિધિમાં ચિલોડા ગ્રામ પંચાયતના અગ્રણી દિનેશભાઈ પટેલ, વિષ્ણુભાઈ વકીલ, અંજનાબેન વી. પટેલ, પ્રહલાદભાઈ પટેલ, નટુભાઈ પટેલ, રમણભાઈ જે. પટેલ તથા ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પેથાપુરના બુટલેગરને પાસા હેઠળ ભુજ મોકલી અપાયો

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામના બુટલેગરને પાસા હેઠળ ભુજની જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. લોકસભાની ચૂંટણીને અનુલક્ષી ગાંધીનગર જિલ્લા એસ.પી. મયુર ચાવડાની સુચનાથી પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી. અનુરકાટે દ્વારા પોતાના વિસ્તારમાં અસામાજીક પ્રવૃતિ અટકાવવા સક્રિય છે. ત્યારે પેથાપુર પોલીસે પેથાપુર વિસ્તારમાં રહેતો બુટલેગર શૈલેન્દ્રસિંહ ઉર્ફે સ્ટેલી શંકરસિંહ વાઘેલા વિદેશી દારૂના વેચાણ, જુગાર તેમજ મારામારી કરવાની ટેવવાળો હોવાથી પોલીસે તેના વિરૂદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી. જે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા મંજૂર થતા પેથાપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.જી. અનુરકાટે આરોપી સ્ટેલીને પાસા હેઠળ અટકાયત કરી તેને ભુજ જેલ ખાતે મોકલી આપ્યો હતો.

## કામેશ્વર મહાદેવ મંદિર સે-૪ ખાતે અગ્નિહોત્ર યજ્ઞ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સેકટર-૪ સ્થિત શ્રી કામેશ્વર મહાદેવ મંદિર ખાતે ઉત્થાન ફાઉન્ડેશન ગુજરાત દ્વારા અગ્નિહોત્ર યજ્ઞનું આયોજન કરાયું હતું. જેમાં ભકતોને યજ્ઞની જાણકારી, તેના દ્વારા પર્યાવરણ, શારિરીક બિમારી, માનસિક બિમારી ખોરાક પાણીની શુધ્ધતામાં થતા ફાયદા વિશે જાણકારી આપવામાં આવી હતી. દરેક ભકતોએ યજ્ઞમાં આહુતિ વિધિ બાદ આગામી ચૂંટણીમાં દરેક નાગરિકને મતદાનનું મહત્વ સમજાવી લોકશાહી પર્વ તરીકે મતદાન અવશ્ય કરવા અને કરાવવા સમજ આપવામાં આવી હતી. આ કાર્યમાં ઉત્થાન ફાઉન્ડેશન વતી જયરામ સોની, સત્યનારાયણ પાંડેએ ઉપસ્થિત રહી કાર્ય સંપન્ન કર્યું હતું. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા દિનેશ દવેએ ચૂંટણીમાં દરેકને મતદાન કરવા દૃષ્ટાંત સહિત સમજણ પુરી પાડી હતી અને નાલ્સા એકટ અંગે માર્ગદર્શન અપાયું હતું.



ગાંધીનગરના એસ.ટી. ડેપો ખાતે ડેપો મેનેજર તથા કર્મચારીઓ દ્વારા સતત અઢારમા વર્ષે રામનવમીના પર્વ નિમિત્તે નિગમની આર્થિક સધ્ધરતા તથા અકસ્માત નિવારણ સાથે સમસ્ત કામદારોની સુખાયુ-દિર્ઘાયુ અર્થે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસટીના વિભાગીય નિયામક એન.બી.સિસોદીયા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા જયારે સુપ્રસિધ્ધ ધોળેશ્વર મહાદેવ મંદિરના મહંત પૂ. રામસ્વરૂપ પુરી મહારાજના હસ્તે શ્રીફળ હોમવાની વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

### અભિન્ન અંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યું. પરંતુ હવે ભાજપ તરફી પવન વધુ જોરથી ફૂંકાયો છે અને ૨૦૧૯ની લહેર ૨૦૧૪ કરતા પણ અનેક ગણી વધુ મજબૂત જણાય છે માટે ભાજપને કોંગ્રેસની તુલનાએ ત્રણ ગણી વધુ બીઠકો મળશે. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, આ જ ધરતી પર શ્યામા પ્રસાદ મુખર્જીએ તિરંગો ફરકાવ્યો હતો.દેશવિરોધી તાકાતોને તેમણે પડકારીને કહ્યુ હતુ કે, એક દેશમાં બે બંધારણ, બે વડાપ્રધાન નહી ચાલે. ભાજપ માટે તેમના શબ્દો પથ્થરની લકીર સમાન છે.ફારુક અબ્દુલ્લા અને મહેબૂબા મુફ્તીના પરિવારોએ કાશ્મીરને બરબાદ કર્યુ છે.જમ્મુ કાશ્મીરનુ ઉજ્જ્વળ ભવિષ્ય તેમની વિદાય બાદ જ શક્ય છે.તેમણે પોતાના આખા પરિવારને ચૂંટણીમાં ઉતાર્યુ છે.

વડાપ્રધાન પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ પર નિશાન સાધતા જણાવ્યું હતું કે 'કોંગ્રેસના મુખ્યમંત્રીએ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુના જલિયાંવાલા બાગના શહીદોને શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં હાજર રહેવાનું ટાળીને રાજકારણ કર્યું છે. તેમણે કાર્યક્રમનો બહિષ્કાર કર્યો. તમે જાણો છો શા માટે કારણ કે તેઓ કોંગ્રેસ પરિવારની ભક્તિમાં વ્યસ્ત હતા. મુખ્યમંત્રી અમરિંદર 'નામદાર' (કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી) સાથે જલિયાંવાલા બાગમાં હાજર રહ્યા પરંતુ તેમણે ઉપરાષ્ટ્રપતિ સાથે હાજર રહેવું જરૂરી ના સમજ્યું.' કોંગ્રેસ માટે સેના કમાણીનું સાધન છે.

વિપક્ષને આડેહાથ લેતા વડાપ્રધાને જણાવ્યું કે તેઓ જમ્મુ અને કાશ્મીરમાં અલગ વડાપ્રધાનની વાત કરીને લોકોને ડરાવી રહ્યા છે. મોદીએ નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ઓમર અબ્દુલ્લા પર સીધું નિશાન તાક્યું હતું અને તેમના નિવેદનની ટીકા કરી હતી.

### સુપ્રીમમાં જશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જો મતદારોનો વિશ્વાસ જીતવો છે તો બેલેટ પેપરનો ઉપયોગ કરવો પડશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સિંઘવી અને પૂર્વ કેન્દ્રીયમંત્રી કપિલ સિબ્બલ આ બેઠકમાં સામેલ થયા હતા. પ્રથમ તબક્કાની ચૂંટણી બાદ ઈવીએમ ઉપર પ્રશ્નો ઉઠાવા લાગી ગયા છે. અમને લાગતું નથી કે ચૂંટણી પંચ આના ઉપર ધ્યાન આપી રહ્યું છે. એવી ફરિયાદ ઉઠી છે કે, જો કોઈ વ્યક્તિ એક્સ પાર્ટીને મત આપે છે તો મત વાય પાર્ટીને મળે છે. વીવીપેટમાં પણ પરચીઓ સાત સેકન્ડની જગ્યાએ માત્ર ત્રણ સેકન્ડ નજરે પડે છે. લાખો મતદારોના નામ ચકાસણી કર્યા વગર દૂર કરી દેવામાં આવ્યા છે. નામોને ઓનલાઈન દૂર કરી દેવાયા છે. ચૂંટણી પંચને પાર્ટીઓમાં લાંબી યાદી સોંપવામાં આવી છે. હવે એવું જરૂરી બની ગયું છે કે, ઓછામાં ઓછા ૫૦ ટકા વીવીપેટ ટ્રેલના મત સાથે જોડાણ કરવામાં આવે. અમે આના માટે સુપ્રીમ કોર્ટમાં જઈશું. રાષ્ટ્રભરમાં આંદોલન પણ કરવામાં આવશે. આ પહેલા શનિવારના દિવસે પોતાના પ્રતિનિધિમંડળની સાથે ચૂંટણી પંચમાં પહોંચેલા નાયડુએ રાજ્યના આશરે ૧૫૦ પોલિંગ સ્ટેશનો ઉપર ફેર મતદાનની અપીલ કરી હતી.

### ગુડકેટની પરીક્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિતિમાં ગુજકેટના મહત્વને અનુલક્ષી અનેક સવાલો પણ મંડરાયા હતા જેના લીધે ગુજરાતમાં એન્જિનિયરીંગ અને પેરામેડિકલ ક્ષેત્રે ભવિષ્ય કંડારનાર વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા રાખવામાં આવી હતી. આ પરીક્ષાના ટાઈમટેબલમાં ફેરફાર કરીને હવે આ વર્ષે ગુજકેટની પરીક્ષા આગામી તા ૨૬ એપ્રિલના રોજ યોજવામાં આવશે જેને અનુલક્ષીને રાજયનુ શિક્ષણતંત્ર પણ આયોજનમાં લાગી ગયુ છે.બાર્ડ દ્વારા લેવાનારી આ ગુજકેટની પરીક્ષામાં ગાંધીનગર શહેર તેમજ જિલ્લાના એ અને બી ગ્રૃપના ૬ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે.શહેરની ૨૯ જેટલી શાળાઓમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવાઈ છે. પરીક્ષા સ્થળો પર સી સી કેમેરાની વોચ રહેશે. આ ઉપરાંત સ્થાનિક સ્કોવોર્ડ તેમજ વિજિલન્સ સ્કોવોર્ડ પણ પરીક્ષાની કામગીરી પર નજર રાખશે ગેરરીતીના બનાવો અટકે તે માટે પરીક્ષા સંચાલકોને મોબાઈલનો ઉપયોગ નહી કરવા માટે પણ કડક સુચના પણ આપી દેવામાં આવી છે. આ ઉપરાંત પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીને પ્રવેશ પત્ર અને સાદુ કેલસી તેમજ કાળી શાહીવાળી બોલપેન સિવાય અન્ય કોઈ સાધન સામગ્રી કે સાહીત્ય નહી લઈ જવા દેવા માટે શાળા સંચાલકોને સુચના આપવામાં આવી છે. જયારે ગરમીના દિવસોમાં વર્ગ ખંડની બહાર પરીક્ષાર્થીઓને ઠંડુ પાણી પણ મળી રહે તેવી વ્યવસ્થા પણ શાળા સંચાલકોએ કરવાની રહેશે.

### હાર સ્વીકારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાર સ્વીકારનાર બેઠક તરીકે આને જોઈ શકાય છે. તેમણે કહ્યું હતુ કે, મહાગઠબંધનની પાસે કોઈપણ પ્રકારના એજન્ડા નથી. લોકોને બતાવવા માટે કોઈ લીડરશીપ પણ નથી. આવી સ્થિતિમાં ઈવીએમને લઈને યોજાયેલી બેઠક તેમની હાર દર્શાવે છે. આગામી દિવસોમાં આ લોકો વધારે હોબાળો મચાવશે. જ્યારે ચૂંટણીમાં જીત થાય છે ત્યારે ઈવીએમ ઉપર પ્રશ્નો કરવામાં આવતા નથી પરંતુ જ્યારે હાર ાાય છે ત્યારે પ્રશ્નો શરૂ થઈ જાય છે. જે રીતે વિરોધીઓને ફિડબેક મળી રહ્યા છે તેમનાથી તેમની ચિંતા વધી ગઈ છે. પ્રથમ તબક્કામાં મતદાન યોજાયા બાદ આ લોકોના સમર્થકો અને સુત્રો પાસેથી જે માહિતી મળી છે તે મુજબ કયા દિશામાં પવન છે તેને લઈને આ લોકોની ચિંતા વધી છે જેથી તરત જ ઈવીએમને લઈને પ્રશ્નો ઉઠાવવાની શરૂઆત થઈ ચુકી છે જે તેમની હતાશા સ્પષ્ટપણે દર્શાવે છે.

### ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે પાંચ ટકા પરિવારોને છત વગરના સ્નાનગૃહ છે. શહેરી ગુજરાતમાં પણ ૧૦ ટકા પરિવારો એવા છે જેમના ઘરમાં સ્નાનગૃહની સુવિધા જ નથી. ઘણી વખત શહેરમાં વિકાસની સમસ્યાઓ કેવી એની વાત હોય ત્યારે ફરિયાદનો સૂર એવો હોય છે કે 'અમારા ઘર પાસે તો સ્વિમિંગપૂલ- સ્નાનાગરની સુવિધા જ નથી'. શહેરી ગુજરાત આવી સમસ્યા વર્ણવે ત્યારે સવાલ એ થાય છે કે તેમના જ શહેરી પરિવારો પૈકી દસ ટકા પરિવારો પાસે સ્નાનગૃહ પણ નથી અને જો ગ્રામીણ ગુજરાતની વાત કરીએ તો ૫૧ ટકા ગ્રામિણ પરિવારો પાસે સ્નાનાગાર તો બહુ દૂરની વાત છે પણ સ્નાનગૃહ ય નથી ત્યારે સ્નાનાગાર ન હોવું એ બહુ મોટી સમસ્યા નથી, સમસ્યા તો ઘરમાં સ્નાનગૃહ ન હોવું એ છે.

### ઓડીયો વાયરલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોહન કુંડારીયાની ધમકીભરી ઓડિયો ક્લિપ વિશે રાજકોટ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર લલિત કગથરાએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા કે, મોહનભાઈ લોકશાહી છે કે દાદાશાહી? કોંગ્રેસના સભ્યોને આ પ્રકારે દબાવવામાં આવતા હોય તો ભાજપના સભ્યોની શું હાલત હશે ? તેમણે ભાજપ હવે ગુંડાગીરી પર ઉતરી આવી હોવાનો આરોપ પણ લગાવ્યો હતો. દરમ્યાન આ સમગ્ર મામલે જામનગરમાં કોંગ્રેસના પ્રચાર માટે રાજકોટ એરપોર્ટ પર આવેલા હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, ભાજપ દબાણની રાજનીતિ રમી રહ્યું છે. કોંગ્રેસના ઉમેદવારો પર ભાજપ દબાણ લાવી રહ્યું છે, હાર ભાળી ગયા છે અને તેથી ભાન ભૂલીને એલફેલ બોલી રહ્યા છે ભાજપના નેતાઓ. ભાજપ કરતા એક સીટ વધુ જીતશે કોંગ્રેસ.

### કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

રીવીઝનમાં લઈ રદ કરવાની જોગવાઈ છે. આ બાબતમાં વડી અદાલતે પણ સર્વગ્રાહિ ચુકાદો આપી બીનખેડૂત વ્યક્તિ વીલથી જમીન મેળવી ખેડૂત ખાતેદાર ના બની શકે તેવો ચુકાદો આપેલ છે ગણોત ધારા કલમ ૬૩ માં સુધારો કરી ઈન્ફેકટ આપવા સૂચના આપી છે. સુપ્રિમ કોર્ટે લાંબા સમય પછી પણ આવી નોંધો રીવીઝનમાં લઈ શકાય તેવો હુકમ કરેલ છે. થોડા સમય પહેલા ગુજરાત હાઈકોર્ટે બહારના રાજયોના જે ખેડૂતો છે તેઓ માટે ખેતીની જમીન ધારણ કરી શકે છે તેવો ચુકાદો આપેલ જે કેસની ગુણદોષ અને ટોચ મર્યાદાને આધીન ચુકાદો આપેલ છે જેથી ગણોત ધારાની જોગવાઈ, વીસંગત કોઈપણ બીન ખેડૂત વીલથી ખેડૂત બની શકતો નથી.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

પંચને પ્રભાવહીન રાખવામાં સૌને રુચિ હમણાં ગુજરાતના સત્તારૂઢ પક્ષ ભાજપના પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય જિતુ વાઘાણીએ કોંગ્રેસવાળાઓને ''હરામજાદા'' કહ્યા બાબત કે ભાજપના જ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે મતદારોને તેમના પક્ષને જ મત આપવા સંદર્ભે ધમકી આપ્યા બાબત ચૂંટણી પંચે નોટિસ આપી. રાજનેતાઓ આવી નોટિસોને બહુ ગંભીરતાથી લેતા નથી.માત્ર ઉત્તર વાળી દે છે. વર્ષ ૨૦૧૯ની આદર્શ આચારસંહિતામાં સોશિયલ મીડિયા પર અંકુશ લાવવાને સામેલ કરવાની સાથે જ જે બાબતોનો ઉલ્લેખ કરાયો છે તેમાં વર્ષ ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ (રાજનાથ સિંહ) તથા ઉત્તર પ્રદેશના સમાજવાદી પક્ષના કેબિનેટ મંત્રી (આઝમ ખાન)નાં ગંભીર ધાર્મિક ઉશ્કેરણીજનક ભાષણો થકી ચૂંટણી પંચે તેમને ''સેન્સર'' કર્યાનો સમાવેશ છે. રાજનાથે માફી માગી લીધી હતી, પણ આઝમે માફી નહીં માગતાં પંચે તેમને સભાબંધી ફરમાવી હતી. ઉત્તરપ્રદેશના ભાજપી સાંસદે વિધાનસભાની ચૂંટણી દરમિયાન બે કોમો વચ્ચે વિદ્વેષ સર્જાય એવું ભાષણ કર્યું હતું અને પંચે એમને પણ ''સેન્સર'' કર્યાનું નોંધાયું છે.પંચે અહીં કોંગ્રેસનો કોઈ કિસ્સો ટાંક્યો નથી! આચારસંહિતાનો ભંગ કરો અને માફી માંગી લ્યો એટલે પત્યું. વાસ્તવમાં આચારસંહિતાને ધોઈ પીવાની વૃત્તિ તમામ રાજકીય પક્ષો અને તેમના નેતાઓમાં જોવા મળે છે. આવા સંજોગોમાં આચારસંહિતાને કાનૂની કે બંધારણીય સ્વરૂપ આપીને એનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી થાય એ દિશામાં સવેળા પગલાં અનિવાર્ય છે. જોકે દલા તરવાડીના ન્યાયના માહોલમાં કોઈપણ રાજકીય પક્ષ સત્તામાં આવે, બંધારણીય સંસ્થા ચૂંટણી પંચને પ્રભાવહીન રાખવામાં જ રસ ધરાવે છે.

- haridesai@gmail.com